ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

હવામાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૫.૦° સે.	૨૨.૦° સે.
આહવા	૩૬.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૫.૦° સે.	૨૨.૦° સે.
વાપી	૩૫.૦° સે.	૨૨.૦° સે.

ચીખલીના કલીયારીમાં દીપડી પાંજરે પુરાઇ



ધર્મેશ પટેલ

ચેજ : ચીખલી તાલુકાના કલીયારી ગામે ત્રણ વર્ષીય દીપડી પાંજરે પુરાઇ હતી, જો કે પાંજરે પુરાવા પૂર્વે બે બચ્ચા સાથે જોવા મળી હતી. પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના કલીયારી દાદરી ફળીયા ખાતે રહેતા આનંદભાઇ અરવિંદભાઇ પટેલના ખેતરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી બચ્ચા સાથે લટાર મારતી દીપડી દેખાતા જે અંગેની જાણ વન વિભાગને કરાતા જરૂરી સર્વે કરી પાંજરું ગોઠવવામાં આવ્યુ હતુ. શનિવારના સવારના સમયે અંદાજે 3 વર્ષીય દીપડી પાંજરે પુરાતા વન વિભાગ દ્વારા તેનો કબજો લઇ તબીબી તપાસ બાદ સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરી હતી.

નવસારીમાં ભેળસેળ સામેની કાર્યવાહીની ગતિ સામે સવાલ

ઘારી વેચાઈ જશે, પછી રિપોર્ટ આવશે?

ચંદી પડવા નિમિત્તે 13 દુકાનમાંથી ઘારી, ભૂસું અને માવાના 15 નમૂના લેવાયા

લેબોરેટરીના રિપોર્ટમાં વિલંબ થાય તો જવાબદારો સામે કાર્યવાહી ક્યારે?

નવસારી : ચંદી પડવા અને શરદ પૂર્ણિમાના તહેવારોને ધ્યાનમાં રાખીને નવસારી જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મીઠાઈ તથા ડેરીની 13 જેટલી દુકાનોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ઘારી, ભૂસું અને શંકાસ્પદ માવા સહિત વિવિધ ખાદ્યચીજોના કુલ 15 નમૂના પૃથક્કરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જોકે, આ કાર્યવાહી વચ્ચે નમૂનાઓના રિપોર્ટ મેળવવામાં થતા વિલંબનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. રજૂઆત મુજબ, લેબોરેટરીના પરિણામ આવતાં એકથી દોઢ મહિના જેટલો સમય લાગી શકે છે.

જો રિપોર્ટ તહેવારો વીતી ગયા બાદ આવે તો ત્યાં સુધીમાં સંબંધિત ખાદ્યચીજો વેચાઈ ગઈ હોય અને ગ્રાહકો તેનો વપરાશ કરી ચૂક્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં ભેળસેળ કે ગુણવત્તામાં ખામી અંગેની હકીકત સમયસર સામે લાવવી અને જવાબદાર સામે કાર્યવાહી કરવી પડકારરૂપ બની શકે છે. નાગરિકોની અપેક્ષા છે કે ખાદ્ય સુરક્ષા તંત્ર નમૂનાઓના પરિણામ ઝડપથી મેળવવા માટે અસરકારક વ્યવસ્થા ગોઠવે અને ખામી સાબિત થાય તો જવાબદાર વેપારીઓ સામે કાયદા મુજબ કડક પગલાં ભરે. હાલ મોકલાયેલા 15 નમૂનાઓના પરિણામો જાહેર થવાના બાકી છે, તેથી કોઈ ખાદ્યચીજ ભેળસેળયુક્ત હોવાનું અત્યારે નિશ્ચિત કહી શકાય નહીં. હવે જોવાનું એ છે કે રિપોર્ટ કેટલા સમયમાં આવે છે અને પરિણામના આધારે તંત્ર કેટલી ઝડપથી કાર્યવાહી કરે છે.

સંક્ષિપ્ત સમાચાર

રાજ્ય કક્ષાની રંગોળી સ્પર્ધામાં વલસાડની વિદ્યાર્થિની પ્રથમ

વલસાડ : અમદાવાદમાં યોજાયેલી રાજ્ય કક્ષાની રંગોળી સ્પર્ધામાં વલસાડની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અબ્રામાની વિદ્યાર્થિની નિકિતા પટેલ પ્રથમ આવતા રાજ્ય કક્ષાએ વલસાડનું નામ રોશન થયું છે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આયોજિત રાજ્ય કક્ષાની રંગોળી સ્પર્ધામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર ગર્લ્સ ઇંગ્લીશ મિડિયમમાં ધોરણ 9 માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નિકિતા મુનેન્દ્રભાઈ પટેલે રંગોળી સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી શાળા, સંસ્થા અને વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું હતું. શિક્ષણમંત્રી રિવાબા જાડેજાના હસ્તે એવોર્ડ એનાયત થયો હતો આ ઝળહળતી સફળતા મેળવવા બદલ વિદ્યાર્થિની નિકિતા પટેલ અને કલાશિક્ષિકા મિતાલીબેન પટેલને આચાર્ય, શાળા મેનેજમેન્ટ તેમજ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વાપીમાં સ્કૂલમાં ગરબાની ઉજવણી

વાપી : શ્રીમતી શારદાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલના વિશાળ ગ્રાઉન્ડ પર નવરાત્રિ ઉત્સવ અને ગરબાની ભક્તિભાવ, ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પરંપરાગત અને રંગબેરંગી પોશાકમાં સજ્જ થઈને ગરબાની પ્રસ્તુતિ કરી હતી. ગરબા ઉત્સવમાં શાળાના પ્રિન્સિપાલ તથા આમંત્રિત મહેમાનો અને વાલીઓએ જોડાઈને આ રંગારંગ ઉત્સવનો આનંદ માણ્યો હતો. શાળાના પ્રિન્સિપાલ પ્રવિણ સુબ્રમણિયમે સભાને સંબોધિત કરતા જ્ઞાનધામ પરિવારના તમામ સભ્યો, વિદ્યાર્થીઓ અને સ્ટાફના ઉત્સાહ અને સક્રિય ભાગીદારીની ખૂબ પ્રશંસા કરી હતી. ઉજવણીમાં નિર્ણાયક તરીકે નીલ ભાવસાર, દર્શિતા શાહ ભાવસાર અને હીરાલ કાન્હુરકર, પ્રાયોજક દર્શન દેસાઈ, GAPS ના પ્રમુખ રિપન ટાચક તેમજ પૂર્વ પ્રમુખ કેતન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના પૂર્વ નિયામક અને પ્રિન્સિપાલ ઉમા તોમર અને પૂર્વ પ્રિ અચલા જોશી સહિત શાળાના વરિષ્ઠ શિક્ષકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ચીખલીના દેગામની વારી એનર્જીઝના પ્લાન્ટમાં નવરાત્રિની ઉજવણી

ધર્મેશ પટેલ

ચેજ : ચીખલીના દેગામ સ્થિત વારી એનર્જીઝ લિમિટેડ દ્વારા પ્લાન્ટ ખાતે નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. વારી ગ્રુપના વાઇસ પ્રેસિડેન્ટ અને હેડ ઓફ હ્યુમન રિસોર્સિસ વિશાલ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ એચઆર ટીમ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીની શરૂઆત અંબા માતાની આરતીથી થઈ હતી. ત્યારબાદ ગરબા અને દાંડિયાના કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંડપની આકર્ષક સજાવટ, ફોટો બૂથ સહિતની વ્યવસ્થાઓએ ઉત્સવના માહોલને વધુ રંગીન બનાવ્યો હતો. કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ સાથે મળીને આનંદની ક્ષણો માણી હતી. કંપનીના નેતૃત્વના પીપલ-ફર્સ્ટ અભિગમને પ્રતિબિંબિત કરતી આ ઉજવણીમાં કર્મચારીઓનું યોગદાન, પરસ્પર આદર અને સંગઠન સાથે જોડાયેલી ભાવનાને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. નોંધનીય છે કે વર્ષ ૧૯૯૦ માં સ્થપાયેલી અને મુંબઇમાં મુખ્ય મથક ધરાવતી વારી એનર્જીઝ લિમિટેડ ભારતની અગ્રણી સૌર ઊર્જા કંપનીઓમાંની એક છે. કંપનીની સૌર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા ૨૫.૮ ગીગાવોટ અને સૌર સેલ ઉત્પાદન ક્ષમતા ૫.૪ ગીગાવોટ છે. કંપની ભારત સહિત આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જાની વધતી માંગને પહોંચી વળવામાં યોગદાન આપી રહી છે.

ગણદેવીના પાટી ગામે ભંગારના ગોડાઉનમાં આગ લાગી

બીલીમોરા - ગણદેવી તાલુકાના પાટી ગામે પટેલ ફળિયામાં ચંદ્રિકા માતા મંદિરની સામે આવેલા ભંગારના ગોડાઉનમાં રવિવારે બપોરે અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. ગોડાઉનમાં રહેલો પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો ભંગાર આગની લપેટમાં આવતાં બળીને ખાક થયો હતો. આગની જાણ થતાં બીલીમોરા ફાયર ફાઇટરની ટીમના દિવ્યેશ, આશિષ, કમલ અને મેહુલ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર ફાઇટરોએ સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળતાં ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

વલસાડમાં 7.47 કરોડના ખર્ચે નિર્માણ થનારા એસ.ટી. ડેપોના અદ્યતન વર્કશોપનું ખાતમુહૂર્ત

વલસાડ : વલસાડ એસ.ટી.ડેપો ખાતે રૂપિયા 7.47 કરોડના ખર્ચે નિર્માણ થનાર નવીન એસ.ટી. ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

વલસાડથી મધ્યપ્રદેશ બોર્ડર સુધીના ૪૦૦ કિલોમીટરના કેમેરા ચેક કરાયા

સંજાણમાં વૃદ્ધાને ચપ્પુ બતાવી ૧ લાખની લૂંટ કરનાર ઝડપાયો

વલસાડ એલસીબી પોલીસે 'ધાર ગેંગ'ના સાગીરતને મધ્યપ્રદેશથી ઝડપી પાડ્યો

ઉમરગામ, બારડોલી, મહારાષ્ટ્રની લૂંટ, ઘરફોડ, વાહન ચોરીના પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો

ઉમેશ સોલંકી

ઉમરગામ : વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ ખાતે વૃદ્ધ મહિલાને ચપ્પુ બતાવીને રોકડ અને કીમતી ચીજવસ્તુઓની લૂંટ ચલાવનાર કુખ્યાત 'ધાર ગેંગ'ના એક સાગીરતને મધ્યપ્રદેશથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ સફળ કાર્યવાહીથી વલસાડ, બારડોલી અને મહારાષ્ટ્રના વાડા વિસ્તારમાં આચરાયેલા કુલ ૫ જેટલા ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે.

ગત ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે સંજાણ બંદર નારગોલ રોડ પર આવેલા મઝદા રાઇસ એપાર્ટમેન્ટ નજીકના એક ઘરમાં અજાણ્યા ઇસમો બારીની લોખંડની ગ્રીલ કાપીને અંદર ઘૂસ્યા હતા. ઘરમાં એકલા રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધા નઝમાબેગમને ગળાના ભાગે છરી મૂકીને ડરાવવામાં આવ્યા હતા. લૂંટારૂઓ ઘરમાંથી ૯૦,૬૦૦ રૂપિયા રોકડા, એચડીએફસી બેંકનું એટીએમ કાર્ડ, બેંક લોકરની ચાવી, મોબાઈલ ફોન અને નાકની નથણી મળીને કુલ રૂપિયા ૧,૦૧,૬૦૦ની મત્તા લૂંટીને નાસી છૂટ્યા હતા. આ મામલે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ અનડિટેક્ટ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબી પીઆઇ એ યુ રોઝ, પીએસઆઇ જે જી પરમાર તથા સ્ટાફે તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ એનાલિસિસ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે વલસાડથી મધ્યપ્રદેશ બોર્ડર સુધીના આશરે ૪૦૦ કિલોમીટરથી વધુના રૂટના કેમેરા ચેક કર્યા હતા.

આરોપીઓની મોડસ ઓપરેન્ડી

આ ઉપરાંત, આ ગેંગ દિવસના સમયે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને રેકી કરતી હતી અને રાત્રે નજીકમાંથી મોટરસાયકલ ચોરી કરીને ઘરોને નિશાન બનાવતી હતી. બારીની ગ્રીલ કાપીને ઘરમાં ઘૂસવું અને લૂંટ ચલાવ્યા બાદ ચોરેલા વાહનમાં જ નાસી જવું તેમની મોડસ ઓપરેન્ડી હતી. આરોપીઓની આ કબૂલાતથી ઉમરગામ, બારડોલી અને મહારાષ્ટ્રના વાડા વિસ્તારમાં આચરાયેલા ગુનાઓનો પર્દાફાશ થયો છે, અને પોલીસે ફરાર અન્ય આરોપીઓને પકડવા માટેની ચક્રો ગતિમાન કર્યા છે.

તપાસ દરમિયાન આ ગુનામાં મધ્યપ્રદેશના ધાર જિલ્લાના કુકસી તાલુકાના ઢેલવાની ગામના 'ધાર ગેંગ'ના ઇસમો સંડોવાયેલા હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આ ગેંગના આરોપી સુમજી વેરસિંહ મોહનીયાની મધ્યપ્રદેશના જોબાટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરીના ગુનામાં અટકાયત કરવામાં આવી હતી.

વલસાડ પોલીસે તેનો કબજો મેળવીને સઘન પૂછપરછ હાથ ધરી હતી. જેમાં તેણે પોતાના સાથીદારો શેરૂ બાયસીંગ અનારે અને બિલામ વેસ્તા અનારે સાથે મળીને સંજાણમાં લૂંટ કર્યાની કબૂલાત કરી હતી.

વલસાડ-સુરત મેમુના સમયપત્રક સામે પ્રવાસીઓમાં નારાજગી

69149 મેમુ ખાલી દોડતી હોવાની ફરિયાદ

બંધ ટ્રેનો ફરી શરૂ કરવા અને દૈનિક મુસાફરોની સુવિધા મુજબ સમય બદલવા માંગ

નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં રેલવે દ્વારા દૈનિક અવરજવર કરતા નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરોની સુવિધાને લઈને વલસાડ-સુરત મેમુ ટ્રેન નંબર 69149ના સમયપત્રક સામે નારાજગી વ્યક્ત થઈ રહી છે. પ્રવાસીઓના જણાવ્યા મુજબ, ટ્રેનનો સમય અનુકૂળ ન હોવાથી તેમાં મુસાફરોની સંખ્યા ઓછી રહે છે, જ્યારે સુરત તરફ જતી અન્ય ટ્રેનોમાં ભારે ભીડને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

પ્રવાસીઓની રજૂઆત પ્રમાણે, સવારે વિરાર-સુરત મેમુ બાદ સુરત તરફ જવા માટે અનુકૂળ લોકલ ટ્રેનનો વિકલ્પ મર્યાદિત રહે છે. કોરોનાકાળ દરમિયાન બંધ થયેલી ફિરોઝપુર જનતા એક્સપ્રેસ ફરી શરૂ ન થતાં દૈનિક મુસાફરોની મુશ્કેલી વધી છે. બપોરની સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં જનરલ કોચની મર્યાદિત સંખ્યાને કારણે પણ ભીડ રહેતી હોવાની ફરિયાદ છે.

બીજી તરફ, વલસાડ-સુરત મેમુને ડુંગરી, બીલીમોરા, અમલસાડ અને વેડછા સહિતનાં સ્ટેશનો પર અન્ય ટ્રેનોને પસાર થવા માટે રોકવામાં આવતી હોવાનો પ્રવાસીઓનો આક્ષેપ છે. આથી મુસાફરીના સમયમાં વિલંબ થતો હોવાની રજૂઆત કરવામાં આવી છે. પ્રવાસીઓએ રેલવે તંત્ર સમક્ષ મેમુના સમયપત્રકની સમીક્ષા કરી તેને વધુ અનુકૂળ બનાવવાની, વિરારથી સુરત સુધી સીધી સેવા અંગે વિચારણા કરવાની અને બંધ થયેલી ટ્રેનો ફરી શરૂ કરવાની માંગ કરી છે. મેમુના વાસ્તવિક મુસાફરભાર, સ્ટોપેજ અને વિલંબ અંગેના સત્તાવાર આંકડા જાહેર થાય તો આ સમસ્યાનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકે તેમ છે. આ મુદ્દે રેલવે તંત્રનો સત્તાવાર પક્ષ મળવાનો બાકી છે.

સંક્ષિપ્ત સમાચાર

ગણદેવી સોશિયલ ગ્રૂપ દ્વારા ૨૪૦ ગંગા સ્વરૂપા મહિલાઓને દિવાળીની ભેટ

બેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી સોશિયલ ગ્રૂપ દ્વારા દાતા પરિવારના સહયોગથી દિવાળીના પર્વ નિમિત્તે ગંગા સ્વરૂપા મહિલાઓ માટે સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. વેગણિયા નદીના કાંઠે આવેલા જ્યુબિલી ગાર્ડનમાં શનિવારે સાંજે શિવ વિધવા સહાય અંતર્ગત ૨૪૦ ગંગા સ્વરૂપા પ્રત્યેક મહિલાઓને રૂપિયા ૫ હજારના ચેક તેમજ મસાલાના ડબ્બાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય પાછળ કુલ રૂપિયા ૧૨.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. દિવાળીના પર્વે જરૂરિયાતમંદ મહિલાઓ પણ ઉત્સાહ અને ઉમંગ સાથે તહેવારની ઉજવણી કરી શકે તેવા ઉમદા હેતુથી ગણદેવી સોશિયલ ગ્રૂપ દ્વારા સતત સાતમા વર્ષે આ સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતા શ્રેષ્ઠી ધૃતિબેન આનંદભાઈ વશીના સહયોગથી ગ્રૂપ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વર્ગને મદદરૂપ બની રહ્યું છે. આ પ્રસંગે જસ્મીન દેસાઈ, દીપક કાપડિયા, રાજુ વકીલ, નિરલ દેસાઈ, કિશોર પટેલ, પ્રકુલા દેસાઈ, નિરંજના પટેલ, જગદીશ ગાંધી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધોલાઈ બંદરે બોટમાં ચડતી વખતે પડી ગયેલા આધેડનું મોત

બીલીમોરા : બીલીમોરા નજીક ધોલાઈ બંદરે બોટ ઉપર ચડતી વખતે ૫૦ વર્ષના આધેડનો પગ લપસતા ઇજાને કારણે મોત નીપજ્યું હતું. ધોલાઈ બંદરે લાંગરેલી ગીતાંજલી બોટની કેબિન ઉપર ચડતી વખતે દીરુભાઈ છગનભાઈ હળપતિ (રહે નવા ફળિયા આરક સિસોદરા)નો પગ લપસી જતા તેઓ બાજુમાં ઉભેલી બોટ સાથે અથડાયા હતા, જેને કારણે તમને માથાના ભાગે ગુપ્ત ઇજા પહોંચી હતી. જોકે તેમને તાત્કાલિક સારવાર માટે વલસાડ સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં મોત નિપજ્યું હતું. મરનારના પુત્ર રાહુલ હળપતિએ બનાવની જાણ ધોલાઈ મરીન પોલીસમાં આપતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારીમાં ઓક્ટોબરના અંતે પણ ગરમીનો પ્રકોપ, તાપમાન 35.4 ડિગ્રી

નવસારીઃ નવસારી જિલ્લામાં ઓક્ટોબરના અંતિમ દિવસોમાં પણ બપોરની ગરમી યથાવત્ રહી છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગે 25 ઓક્ટોબર, 2026ના રોજ નોંધેલા આંકડા મુજબ મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 21.8 ડિગ્રી નોંધાયું હતું. તાપમાનના આ તફાવતને કારણે વહેલી સવાર અને બપોરના વાતાવરણમાં સ્પષ્ટ ફેરફાર અનુભવાયો હતો. હવામાન વિભાગના આંકડા પ્રમાણે સવારે હવામાં સાપેક્ષ ભેજનું પ્રમાણ 88 ટકા હતું, જે સાંજ સુધીમાં ઘટીને 62 ટકા થયું હતું. દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વ દિશામાંથી સરેરાશ 2.1 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. સવારના સમયે ભેજનું ઊંચું પ્રમાણ અને હળવી ઠંડક અનુભવાતી હોવા છતાં બપોરે તાપમાન વધતાં ગરમીનો અહેસાસ થયો હતો. આમ, નવસારીમાં હાલ સવારની હળવી ઠંડક અને બપોરની ગરમી વચ્ચે બદલાતું હવામાન જોવા મળી રહ્યું છે.

પારડીના અંબાચ નજીક રોડ ક્રોસ કરતી વૃદ્ધાનું બાઈક અડફેટે મોત

પારડી : પારડીના અંબાચ વાઘસર ફળિયામાં રહેતા રંગુબેન ઉકાભાઈ પટેલ સવારે દૂધની ડેરીએ દૂધ ભરીને પરત ફરતી વખતે રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. દરમિયાન મોટરસાઇકલ નંબર GJ-15-NN-4536ના ચાલક મુકેશ પટેલે વાહનને પૂરઝડપે ચલાવી વૃદ્ધાને ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજા થતાં રંગુબેનનું પારડીની હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના જમાઈ રજનીશ પટેલે પારડી પોલીસ મથકે મોટરસાઇકલચાલક મુકેશ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

નામધામાં મોપેડ પર જોખમી સવારી કરનાર સામે કાર્યવાહી

વાપી : નામધાથી વાપી તરફ જતા માર્ગ પર મોપેડચાલક દ્વારા જોખમી રીતે વાહન ચલાવવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં મોપેડચાલકના ખોળામાં મહિલા ઊંધી બેઠેલી જોવા મળી હતી. જેના કારણે પોતાની સાથે અન્ય લોકોના જીવ પણ જોખમમાં મુકાયા હતાં. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈ વાપી ટ્રાફિક પોલીસે જોખમી રીતે વાહન ચલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી 14 વર્ષીય સગીરાનું શોષણ

દાંડી દરિયાકિનારે લઈ જઈ ત્રણ વખત દુષ્કર્મ આચરનાર 19 વર્ષીય યુવક ઝડપાયો

નવસારી : નવસારીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરા સાથે સંપર્ક કેળવી, તેને બ્લેકમેઈલ કરીને શારીરિક શોષણ કર્યાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર ૧૪ વર્ષીય સગીરા સાથે મિત્રતા કર્યા બાદ તેને ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચરનાર કિશન દેવાનંદ ગુપ્તાની પોલીસે ધરપકડ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, આશરે ત્રણ મહિના અગાઉ સોશિયલ મીડિયા દ્વારા પરિચય થયા બાદ આરોપી સગીરાને દાંડી દરિયાકિનારે લઈ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ સગીરાનાં કપડાં બદલતી તસવીરો મોબાઈલમાં હોવાનું જણાવી તે વાયરલ કરવાની અને પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી સગીરાને વધુ બે વખત દાંડી લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતુ. આ ત્રાસથી કંટાળીને સગીરાએ પરિવારને જાણ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જલાલપોર પોલીસે ગુનો નોંધી આરોપી કિશન ગુપ્તાને ઝડપી પાડ્યો છે. પીઆઈ એલ.જે. રાઠોડ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટના સોશિયલ મીડિયાના ઉપયોગમાં સગીરાઓની સુરક્ષા અને ઓનલાઈન બ્લેકમેઈલિંગ સામે સાવચેતી રાખવાની ગંભીર આવશ્યકતા દર્શાવે છે.

વલસાડ તાલુકાની ૯૬ પંચાયતમાં સરપંચ પદની રોટેશન ફાળવણી

૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેતા રાજકીય માહોલ ગરમાયો

વલસાડ : રાજ્ય ચૂંટણી આયોગની સૂચના અનુસાર વલસાડ તાલુકાની ૯૬ ગ્રામ પંચાયતોની આગામી સામાન્ય ચૂંટણી માટે સરપંચ પદની રોટેશન પદ્ધતિથી ફાળવણીનું સત્તાવાર જાહેરનામું જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાને બહાર પાડ્યું છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ હેઠળ જાહેર કરાયેલા આ રોટેશનમાં મહિલાઓ માટે ૫૦ ટકા એટલે કે કુલ ૪૮ બેઠકો અનામત રાખવામાં આવી છે. તાલુકાની કુલ ૯૬ બેઠકોની કેટેગરીવાર ફાળવણી જોઈએ તો, અનુસૂચિત જાતિ (SC) માટે ૨ બેઠકો (૧ સામાન્ય અને ૧ મહિલા), અનુસૂચિત આદિજાતિ (ST) માટે ૪૦ બેઠકો (૨૦ સામાન્ય અને ૨૦ મહિલા), તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC/OBC) માટે ૧૦ બેઠકો (૫ સામાન્ય અને ૫ મહિલા) ફાળવાઈ છે. આ ઉપરાંત, બિન-અનામત વર્ગ માટે કુલ ૪૪ બેઠકો ફાળવવામાં આવી છે, જેમાંથી ૨૨ બેઠકો સામાન્ય અને ૨૨ બેઠકો સામાન્ય મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.

ગામવાર વિગતો અનુસાર, એસ.સી. કેટેગરીમાં કુંડી અને દિવેદ, જ્યારે એસ.ટી. અને ઓબીસી વર્ગમાં અગર ફળિયા, દાંડી, ઉમરસાડી, કોસંબા, ભાગડાવડા, તીથલ, પારનેરા, ડુંગરી, કેવાડા, મગોદ, ગુંદલાવ સહિતના ગામો વિવિધ કેટેગરી અને મહિલા અનામત હેઠળ નિર્ધારિત થયા છે. બિન-અનામત વર્ગમાં અતુલ, ધમડાચી, વેજલપોર તથા અટાર, લીલાપોર, વાઘલધરા અને ચણવઈ જેવા ગામોનો સમાવેશ થાય છે. સરપંચ પદનું આ રોટેશન જાહેર થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણીલક્ષી રાજકીય ગતિવિધિઓ અને લોબિંગ ખૂબ જ તેજ થઈ ગયું છે.

થું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
મજુરી
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
R.A. Parikh
5.9%*
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
Jewellers NX
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181